વડીલોને વંદન અભિનંદન

પ્રકાશકુમાર ભાનુભાઈ મહેતા
(૧૯૫૬)ફોન: ૨૩૨૩૮૬૧૦

કનુભાઈ અમૃતલાલ શાહ
(૧૯૩૨)ફોન: ૨૩૨૨૯૩૫૯

શારદાબેન ડુંગાણી
(૧૯૪૫)ફોન: ૨૩૨૨૫૯૨૫

સુશાસનથી ગુજરાત વિકાસમાં અગ્રેસર બન્યુ છે : આનંદીબેન

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલે સુશાસન-ગુડ ગવર્નન્સના અસરકારક પરિણામકારી અમલ માટે ગુડ હાર્ટ અને કોઠા સૂઝ-કોમન સેન્સ થી નવા વિચારો-ઉન્મેષો વિસ્તારવા અપીલ કરી છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં ગુજરાતે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના દ્રષ્ટિવંત આયોજનમાં સુશાસનની જે અભિનવ પહેલરૂપ સિદ્ધિઓ મેળવી તેને હવે, દેશ આખો અનુસરી રહ્યો છે, તેમ ગૌરવપૂર્વક જણાવ્યું હતું.

શ્રીમતી આનંદી બહેન પટેલે પૂર્વ વડાપ્રધાન ભારતરત્ન શ્રી અટલબિહારી વાજપેયીના જન્મ દિવસે દેશમાં ઉજવાઈ રહેલા ગુડ ગવર્નન્સ ડે ની રાજય ઉજવણીનો પ્રારંભ ગાંધીનગરમાં કરાવ્યો હતો.

ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ આયોજિત આ ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રીએ વાઈ-ફાઈ સચિવાલય એન્ડ સ્ટેટ વાઈડ રોલ આઉટ ઓફ વાઈ-ફાઈ, ઈ-વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ ગાઈડલાઈન્સ, સેટિંગઅપ ઓફ આઈ.ટી. કેડર તેમજ વલસાડ કલેકટરાલય જનસેવા કેન્દ્ર સ્વતંત્ર વેબસાઈટ, સ્વચ્છ સાબરકાંઠા મોબાઈલ એપ્લીકેશન તેમજ સાયબર સિકયુરીટી અંગેના પુસ્તક સહિતના બહુવિધ વિમોચન-જાહેરાતો સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુડ ગવર્નન્સમાં ઈઝી ઈફેકટીવ અને ઈકોનોમિકલ ગવર્નન્સ અભિપ્રેત છે ત્યારે, સામાન્યમાં સામાન્ય માનવીની સુખાકારીની સેવાઓ તેને સરળતાથી વિના વિલંબે અને અસરકારક રીતે પ્રાપ્ત થાય તેવું લાંબાગાળાનું ચોક્કસ વિઝન વિકસાવવું સમયની માંગ છે.

આ વિઝન ગતિશીલ ગુજરાતની વિકાસ યાત્રાને વેગ આપવામાં માર્ગદર્શક બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

શ્રીમતી આનંદી બહેન પટેલે ગુડ ગવર્નન્સ એટલે એક નાનકડો સારો વિચાર આગવી કોઠાસૂઝથી તૈયાર થયેલો જનસેવાલક્ષી કાર્યક્રમ બદલાતા સમયની માંગ સાથે કદમ મિલાવી ટેકનોલોજીના વિનિયોગથી લોકોના હિત માટે - લોકોના સહકાર સાથેના વિશ્વાસને સુદૃઢ કરવાનું ઉત્તમ સરળ માધ્યમ છે એવું પ્રેરક ચિંતન પ્રસ્તુત કર્યું હતું. તેમણે પૂર્વ વડાપ્રધાનશ્રી અટલજીના શાસનમાં સુશાસન-સુરાજયનો જે સંકલ્પ હતો તેને ગુજરાતમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના શાસનમાં સુપેરે ચરિતાર્થ કરીને સ્વરાજય પ્રાપ્તિ બાદ સુરાજય-સુશાસનનો નવો માર્ગ દેશને બતાવ્યો તેનું ગૌરવ કરવાનો આ ઉજવણી અવસર છે તેમ શ્રી અટલબિહારી વાજપેયીજીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવતાં જાહેર કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુડ ગવર્નન્સમાં સમાજના દરેક વર્ગ - નાગરિકને સાથે લઈને વિકાસના માર્ગે પ્રયાણની સૌનો-સાથ સૌનો વિકાસની ભાવનાને મહત્વ આપવા પર ખાસ ભાર મૂકયો હતો.

હોમસ્ટે યોજના બનશે આજીવિકાનું સાધન

ગુજરાતની મુલાકાતે આવનાર પ્રવાસીઓને હોમ સ્ટે યોજના દ્વારા ગુજરાતની આતિથ્ય પરંપરાનો પરિચય કરાવાશે : મકાનમાલિક સ્વયં ભાડુ નક્કી કરશે

ગાંધીનગર, તા.૨૫

વાયબ્રન્ટ ગુજરાત સમિટના પ્રારંભે પ્રવાસન વિભાગે હોમ સ્ટે યોજનાનો પ્રારંભ કર્યો છે. ૧ થી ૬ રૂમનું આવાસ ધરાવતા અને તેમાં વસવાટ કરતા ગુજરાતી કુટુંબો માટે આ યોજના આજીવિકાનું સાધન બનશે એટલું જ નહીં તેનાથી દેશ પરદેશમાં ગુજરાતની મહેમાનગતિ મહેંકી ઉઠશે.

ગુજરાત સમગ્ર વિશ્વમાં તેની આતિથ્ય પરંપરાથી પ્રતિષ્ઠિત બન્યું છે. આ પરંપરાને વધુ ઉજ્જવળ બનાવવા માટે હોમ સ્ટે યોજના પ્રવાસન વિભાગે જાહેર કરી છે. ટુંક સમયમાં પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટની ઉજવણી ગાંધીનગરમાં થશે. જેમાં દેશ વિદેશના મહેમાનો ગુજરાત આવશે ત્યારે હોમ સ્ટે યોજના દ્વારા ગુજરાતીઓ આવક પ્રાપ્ત કરી શકશે. ૧ થી ૬ રૂમનું આવાસ ધરાવતા પરિવારો આ યોજના માટે પોતાની નોંધણી પ્રવાસન નિગમને કરાવી શકશે.

આ યોજનાનો લાભ કોણ લઈ શકશે તે માટે કેટલીક બાબતો પ્રવાસન નિગમે નક્કી કરી છે. ૩૧મી માર્ચ ૨૦૧૪ના રોજ પૂર્ણ થયેલ આવાસના માલિક હોય તેવા અને મકાન માલિક પરિવાર સહિત એ જ આવાસમાં રહેતા હોવા જરુરી છે. મકાન માલિક સ્વયં ભાડુ નક્કી કરી શકશે. આવાસ માટે આવશ્યક સગવડ જેવી કે શૌચાલય, સ્વચ્છ પાણી, ફાયર સેફટી તેમજ નજીકમાં પાર્કિંગની સગવડ હોવી જરુરી છે. હોટલ કરતા ઓછા ભાવે આવાસની સુવિધા આ યોજના હેઠળ મળી રહેશે. પ્રવાસીને ઘરની હુંફ અને ગુજરાતી સંકૃતિ તેમજ ગુજરાતી વાનગીઓનો આસ્વાદ માણવા મળી શકશે.

જે ગુજરાતી આ યોજનાનો લાભ લેશે તેઓને લકઝરી ટેકસ અને વેલ્યુ એડેડ ટેકસ ભરવામાંથી મુકિત મળશે. મિલકત વેરો, પાણી વેરો અને વીજ દર આવાસના દર પ્રમાણે જ આપવાના રહેશે. સરકાર દ્વારા પ્રચાર-પ્રસાર કરાશે. મિલકત ચકાસણી એજન્સી દ્વારા કરાશે અને પોલીસ વેરીફિકેશનની પણ જોગવાઈ આ યોજના હેઠળ કરવામાં આવી છે.

ચાર વર્ષથી વોન્ટેડ ચોરીનો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૨૦૧૦માં થયેલી

ચોરીમાં સે-૨૧ છાપરામાં રહેતા ચિરાગ મધુસુદન વાંસફોડીયા નામના શખ્સનું નામ ખુલ્યું હતું.

ચોરીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આ શખ્સને ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી એબસ્કવોન્ડર સ્કવોડનાં પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમે ઝડપી પાડયો છે અને વધુ તપાસ માટે અડાલજ પોલીસને સોંપી દીધો છે.

ઈકબાલ ગઢમાં ગણપતભાઈ જોષી અને શશીકાંત પંડયાનો સન્માન સમારોહ યોજાયો

પાલનપુર તા.૨૫

અમીરગઢ તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના ઉપકમે પંચમુખી

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હનુમાન મંદિર પટાંગણ ઈકબાલગઢ મુકામે સ્નહેમિલન અને સત્કાર સમારંભ યોજાયો હતો.

ઈકબાલગઢના અગ્રણી નારણદાસ વૈષ્ણવના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં પ્રારંભમાં અમીરગઢ તાલુકા બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી પ્રભુરામભાઈ દવેએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મંત્રી શ્રી ઈશ્વરભાઈ પંડયાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેકટર પદે તાજેતરમાં નવનિયુકત કરાયેલા જીલ્લા ભાજપના અગ્રણી તેમજ બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી ગણપતભાઈ કેવળરામ જોષીનું સાફો બંધાવી શાલ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. ડીસાના વતની અને ભાજપના અગ્રણી શ્રી શશીકાંન્તભાઈ પંડયાને ગુજરાત મકાન બાંધકામ લેબર વેલ્ફેર બોર્ડના ડીરેકટર પદે નિયુકત કરતાં તેમનું પણ સાફો બંધાવી શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી કુમુદબેન જોષી પરશુરામ પરિવારના સ્થાપક શ્રી ડામરાજી રાજગોર, તૃપ્તીબેન દવે જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે. સમસ્ત બ્રહ્મસમાજના પ્રદેશ મંત્રી શ્રી જયંતિભાઈ જોષી ડીસાના પ્રમુખ શ્રી કનુભાઈ જોષી, શ્રી જયંતિભાઈ ત્રિવેદી, શ્રી ચંપકભાઈ જોષી સાધુ સંતો સહીત વિશાળ સંખ્યામાં સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી ગજાનનભાઈ જોષીએ કર્યું હતું.

શ્રીમદ્ દેવી ભાગવત કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૩૦માં કિરણબેન રાઠોડના નિવાસસ્થાન સર્વોદય નગર પ્લોટ નં. ૧૮૫ ખાતે સાત દિવસીય ભવ્ય દેવી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાના પ્રારંભે ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવશે. આજથી શરૂ થનાર દેવી ભાગવત કથાનું રસપાન સંજય ભારતીની વ્યાસ પીઠે યોજાશે. સર્વે નગરજનોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

પ્રજાપતિ સામાજનો સ્નેહ મિલન સમારોહ યોજાશે

ગાંધીનગર તા.૨૫

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ ૨૮મી ડિસેમ્બરના રોજ યોજાશે.

શહેરના સેકટર-૧૭ સ્થિત ટાઉનહોલમાં આ વાર્ષિક સ્નેહમિલન સમારંભ બપોરે ૨ થી રાત્રિના ૧૧ દરમિયાન યોજાશે. જેમાં ઈનામ વિતરણ અને રાત્રે ભવ્ય લોક ડાયરો યોજાશે. તો સર્વે જ્ઞાતિ બંધુઓને સહપરિવાર પધારવા પ્રમુખે આમંત્રણ પાઠવ્યું છે.

જગદંબા પ્રાગટય મહોત્સવ પ્રસંગે અન્નકૂટ અર્પણ કાર્યક્રમ યોજાશે

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા સેકટર-૧૩ બી શકિતચોક ખાતે શ્રી જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટ અર્પણ કાર્યક્રમ ૫ મી જાન્યુઆરી ૨૦૧૫ ને સોમવારે યોજાશે. આ અન્નકૂટ અર્પણ કાર્યક્રમમાં સવારે મા જગદંબા પૂજન, અન્નકૂટ અર્પણ વિધિ, ભકિત વંદના, રંજત સ્મરણિકાનુંવિમોચન, થાળ-ગાન, મહાઆરતી ભોજન પ્રસાદ, ભકિત વંદના સમૂહ સ્વાધ્યાય આનંદનો ગરબો અને આભાર દર્શન જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આયોજકોએ નગરની ધર્મપ્રેમી જનતાને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સાંઈ સંકુલમાં નેશનલ ગુડ ગવર્નન્સ ડે નિમિત્તે વકતવ્ય યોજાયું

નેશનલ ગુડ ગવર્નન્સ ડે ના અનુસંધાને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સાંઈ સંકુલ ખાતે વકતવ્ય કાર્યક્રમ યોજાયું હતું. આ કાર્યક્રમમાં નિવૃત્ત સનદી અધિકારી આઈ.એ.વ્હોરા એ માર્ગદર્શન અને માહિતી પુરી પાડી હતી. અને નબળા, ગરીબ અને પછાત વર્ગ તથા સામાન્ય નાગરીકનું દરેક કાર્ય વહીવટી સરળતાથી અને આત્મીયતા થી થાય તે અંગે લોકાભિમુખ વહીવટની સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સંજીવભાઈ મહેતા અને સ્થાનિક ધારાસભ્ય અશોક પટેલે પણ પ્રસંગને અનુરૂપ વકતવ્ય રજુ કર્યુ હતું.

શિવરંજની સંસ્થા દ્વારા ગઝલનો કાર્યક્રમ યોજાશે

પ્રસિધ્ધ ગઝલ ગાયિકા બેગમ અખ્તરની જન્મ શતાબ્દિની ખુશીમાં ગાંધીનગરની શિવરંજની સંસ્થા દ્વારા ગઝલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવરંજની સંસ્થાના તમામ સભ્યો માટે ગાંધીનગરમાં ગઝલ એક વિશિષ્ટ કાર્યક્રમ મેરે હમનફસ મેરે હમ નવા... આવતીકાલ તા. ૨૭મી ડિસેમ્બરને શનિવારના રોજ યોજાશે. કાર્યક્રમમાં બેગમ અખ્તરના અવાજ માટે જાણીતા ગાયિકા દિપ્તી દેસાઈ, વૈશાલી ત્રિવેદી અને અમીત ઠકકર સંગીતની સૂરાવલી રેલાવશે. આયોજકોએ સંસ્થાના તમામ સભ્યોને હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

આઈએમએનું ૮૯મું અધિવેશન અમદાવાદ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ઈન્ડીયન મેડીકલ એસોસીએશન ની ૮૯મી અખિલ ભારતીય અધિવેશન ૨૭,૨૮, ડીસેમ્બર-૨૦૧૪ ના રોજ ગુજરાત યુનિવર્સીટી કન્વેન્શન હોલ ખાતે ૨૫ વર્ષ પછી યોજવામાં આવેલ છે.

આ અધિવેશન નાં મુખ્ય મહેમાન તરીકે મા. આરોગ્ય મંત્રીશ્રી (ભારત સરકાર) શ્રી જે.પી. નડ્ડા ઉપસ્થિત રહેશે. જયારે અધિવેશન નું ઉદ્ઘાટન વર્લ્ડ મેડીકલ એસોસીએશનના વરાયેલ પ્રમુખશ્રી ડો. કેતનભાઈ દેસાઈના વરદ હસ્તે રાખવામાં આવેલ છે. રાજય ના આરોગ્ય મંત્રીશ્રી નિતિનભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે હાજર રહેશે તદઉપરાંત આઈ.એમ.એ. ના રાષ્ટ્રિય પ્રમુખ ડો. જીતુભાઈ પટેલ તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના પ્રમુખ ડો. જયશ્રીબેન મહેતા સહીત આ કોન્ફરન્સમાં દેશના તમામ રાજયોના પ્રતિનિધિઓ સહીત ૩૬૦૦ જેટલા તબીબો ડેલીગેટ તરીકે હાજરી આપશે.

તા. ૨૭-૧૨-૨૦૧૪ ના રોજ આઓ ગાંવ ચલે, બેટી બચાઓ અને સ્વચ્છ ભારતના થીમ સાથે જનજાગૃતિ હેતુસર એક વિશાળ મોટર સાયકલ રેલીનુ આયોજન પણ કરવામાં આવલ છે. આ સાથે તા. ૨૭ અને ૨૮ ના રોજ આવો ગાવ ચલે નું પ્રદર્શન પણ યોજવામાં આવેલ છે.

ઈ-ગર્વનન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ વિડીયો કોન્ફરન્સ દરમિયાન તેમણે આ ગંભીર ચિંતા વ્યકત કરી હતી. સરસ્વતી સાધના યોજના અંતર્ગત શાળાએ જતી બાળાને સાયકલ આપવાની યોજનામાં જુનમાં શાળા ખુલતાં જ સાયકલ કેમ ના આપી શકાય તેવી ટકોર તેમણે કરી હતી.

મુખ્ય સચિવશ્રી પાંડિયને જિલ્લા કક્ષાની કચેરીઓને ટપારતાં જણાવ્યું હતું કે પ્રજાભિમુખ વહીવટની સાથે સાથે તે સંવેદનશીલ બને એ પણ જરુરી છે.

તેમણે જણાવ્યું કે વન ડે ગર્વનન્સમાં પણ પેન્ડસી રહે છે તે દુઃખદ બાબત છે. તેમણે નાગરિક અધિકાર પત્રની અરજીઓનો સમય મર્યાદામાં જ નિકાલ થવો જોઈએ તેવો આગ્રહ કર્યો હતો.

મુખ્ય સચિવશ્રી પાંડિયને જણાવ્યું હતું કે સરળ વહીવટ ટેકનોલોજીના સહારે આપી અને લોકોને તેનો અહેસાસ કરાવીએ તો આજની આ ઉજવણી સફળ ગણાશે.

સરળ વહીવટ, અસરકારક વહીવટ એ સુશાસનના મુખ્ય પાયા છે. તેમણે તંત્રને વહીવટીય વિલંબ ના થાય તેમજ કલ્યાણકારી યોજનાઓનો સમય મર્યાદામાં અમલ થાય તેના પર વિશેષ ભાર મુકયો હતો.

સ્વચ્છતા સ્પર્ધા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ગ્રામજનોનો ઉત્સાહ જોઈ તેઓ ગદગદિત થઈ ગયા હતા. ગામમાં તેણે ફરી અને સ્પર્ધાની તૈયારીઓ જોઈ ખુશી વ્યકત કરી હતી.

જાખોરા ગામમાં સ્વચ્છતા અભિયાનની આ સ્પર્ધાને લઈ દિવાળીનો માહોલ જામ્યો હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

જાહેર સંસ્થાઓની હરિફાઈને લઈ અધિકારીઓ પણ અનેકવિધ વ્યસ્તતાઓ વચ્ચે સતત મોનીટરીંગ માટે જાખોરા દોડતા જણાયા હતા.

ગાંધીનગર તાલુકાનું જાખોરા ગામ સાંસદ પરેલ રાવલે આદર્શ ગામ તરીકે પસંદ કર્યું છે તે નોંધનીય છે. ગામમાં એલ.ઈ.ડી.લાઈટ્સ પણ જોવા મળી રહી છે. તેમજ વિભાગોએ સ્પર્ધા માટે કમર કસી છે.

આ સ્પર્ધા માટે શુક્રવારે સવારે નિર્ણાયકો જાખોરા જશે અને બધી જ વસ્તુઓની ચકાસણી કરી તેઓ મૂલ્યાંકન કરશે. આ પછી સાંજે ગ્રામસભામાં સ્પર્ધાના વિજેતાઓની જાહેરાત થશે.

નોડલ ઓફીસર નીમે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પૈકીની ઘણી વેબસાઈટો અપડેઈટ થતી નથી આ માટે દરેક વિભાગે નોડલ ઓફિસરોની નિમણુંક કરી અને તેના અપડેઈટ માટેની કાળજી લેવી જોઈએ.

તેમણે જણાવયું હતું કે પેપરલેસ એડમીનીસ્ટ્રેશનની વાતો બહુ છે પણ વાસ્તવકતામાં તે મહદ અંશે થઈ શકે છે. આ એક પડકાર છે અને તેનો વિકલ્પ ઈ-ગર્વનન્સ છે. તેમણે જણાવ્યું કે જનસેવા કેન્દ્રમાં ૨૫૦ જેટલી સેવાઓ આપવામાં આવી રહી છે. ઈ-ગર્વનન્સ થકી વહીવટનું સરળીકરણ થયું છે તેમ જણાવી તેમણે કહ્યું હતું કે મોબાઈલ એપ્લીકેશન્સથી હવે સેવાઓ આંગળીના ટેરવે ચડી રહી છે. તેમણે જણાવ્યું હતું કે સરળ વહીવટની સાથે અસરકારક વહીવટ પણ જરુરી છે. તેમણે લોકલ એરિયા નેટવર્ક, સ્ટેટ વાઈડ ઓરિયા નેટવર્ક સહિત અનેકવિધ મહત્વના પગલાંઓની જાણકારી આપી હતી.

કાનૂની માર્ગદર્શન કેમ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ નિઃશુલ્ક કાનુની સલાહ અને માર્ગદર્શન કેમ્પનું આયોજન સ્વ.પ્રેમશંકરભાઈ ભટ્ટના પુત્ર અને ઝારખંડ વડી અદાલતના ન્યાયમૂર્તિ પ્રદિપભાઈ ભટ્ટ એડવોકેટ જયંતિભાઈ તથા આશિષભાઈ તેમજ તેમના પૌત્રો જિત ભટ્ટ, વિધિભટ્ટ અને ધરાભટ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. સ્વ.પ્રેમશંકરભાઈ ભટ્ટે સનદી સેવામાંથી નિવૃત્તિ લીધા બાદ પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી હતી. તેમજ ગાંધીનગરની સામાજીક સંસ્થાઓ જેવી કે જાગૃત નાગિરક પરિષદ અને સીનીયર સીટીઝન કાઉન્સીલ વગેરેમાં અંતિમ શ્વાસ સુધી કાર્યરત રહયા હતાં અને લોકોના પ્રશ્નોને ઉકેલવા તેમજ વાચા આપવા કાર્યશીલ રહયા હતાં. તેમણે જાહેર હિતની અરજી દ્વારા ગાંધીનગર શહેરને મહાનગરનું બિરુદ અપાવ્યું હતું. તેઓ સમગ્ર જીવનકાળ દરમ્યાન જરૂરિયાત મંદ વર્ગોના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહ્યાં હતાં. તેમની ૮૭ મી જન્મિતિથીએ તેમના કુટુંબીજનો દ્વારા આ નિઃશુલ્ક કાનુની માર્ગદર્શન અને સલાહ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરાયો છે.

શબ્દાવલી - ૫૫૯૮



આડી ચાવી

૧. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૫. એક રૂપિયાને પચ્ચીસ પૈસા એટલે... રૂપિયો (૨)
૭. લાકડા વહેરવાનું સાધન(૪)
૮. મુગટ (૨)
૧૦. એઠુ, ખાતા વધેલું (૩)
૧૨. જયાં કચરો નંખાય તે જગ્યા (૪)
૧૫. પથરાવાળી જમીન (૪)
૧૭. અભ્યાસ, ટેવ (૪)
૧૮. પ્રાઇઝ, બક્ષિસ (૩)
૨૦. નૃત્યકલાના આરાધ્યદેવ(૪)
૨૩. નવીન (પ્રયોગ) (૪)
૨૪. ફિકર, ચિંતા (૨)

ઊભી ચાવી

૧. પહોપકારી (૪)
૨. પહોળાઇ, ખુલ્લું (૪)
૩. મૃત વ્યક્તિ પાછળ કરાતી વિધિ (૩)
૪. અવાજ (૨)
૬. રસ્તો, પથ (૨)
૯. 'ફરાર' શબ્દ આડેઅવળો(૩)
૧૧. ચોર, ઠગીને પૈસા પડાવનાર (૨)
૧૨. બગીચો, વાડી (૪)
૧૩. તાસ જેવું પહોળું વાસણ(૪)
૧૪. ખોટો દેખાવ કરવો,... કરવો (૨)
૧૬. ઇશારો (૩)
૧૭. જીદ, ખોટી રટ (૩)
૧૯. નાવડી, હોડી (૨)
૨૧. રાત્રી, નિશા (૨)
૨૨. ઉદ્ધારનું વિરોધી (૨)

શબ્દાવલી ૫૫૯૭ના જવાબ

આડી ચાવી :- (૧) વિવિશતા (૪) રકમ (૭) રોડા (૮) ડર (૧૦) લાગ (૧૧) આપવડાઇ (૧૩) યાત્રી (૧૫) સખત (૧૬) કામચોર (૧૮) નિકાલ (૨૦) પડકાર (૨૧) પનીર (૨૨) સમોવડીયું

ઊભી ચાવી :- (૧) વિરોધાભાસ (૨) વડા (૩) તાડપત્રી (૫) કલાઇ (૬) મગ (૯) રવ (૧૧) આયાતનિકાસ (૧૨) ડારમ (૧૪) નીર (૧૬) કાલ (૧૭) ચોપાનીયું (૧૯) કારમો (૨૦) પગ (૨૧) પડી

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ
ટાઉનહોલ પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર
જાહેરાત

કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ)ની કરાર આધારીત જગ્યાની ભરતી
ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની કચેરીમાં કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ)ની જગ્યા કરાર આધારિત ધોરણે ભરવા માટે નિવૃત્ત અધિકારીઓ પાસેથી નીચેની વિગતે અરજી મંગાવવામાં આવે છે.

જગ્યાનું નામ : કાયદા અધિકારી
કુલ જગ્યા : ૦૧
પગાર અને ભથ્થા : રૂ. ૨૦,૦૦૦ માસિક
લાયકાત અને અનુભવ : ૧. માન્ય યુનિ.ની કાયદાના સ્નાતકની પદવી
૨. કાયદાની કામગીરી તથા વર્ગ-૧ તરીકેની કામગીરીનો આઠ વર્ષનો અનુભવ.

અન્ય વિગતો : ૧, ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા ઉપરનું પ્રભુત્વ ઈચ્છનીય, ૨, બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં એનરોલમેન્ટ હોવું ફરજીયાત, ૩, અરજીપત્રકમાં નીચેની વિગતોનો સમાવેશ ફરજીયાત કરવો.

(૧) અરજીપત્રકના કવર ઉપર કાયદા અધિકારીની જગ્યા માટે અરજીપત્રક મોટા અક્ષરે લખવું. (૨) અરજદારનું પુરું નામ (૩) પત્ર વ્યવહારનું સરનામું (૪) જન્મ તારીખ (૫) વર્ગ-૧ તરીકેના અનુભવની તમામ વિગતો (૬) શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો (૭) બાર કાઉન્સીલમાં એનરોલમેન્ટ કરાવ્યા તારીખ (૮) નીચે મુજબનું બાંહેધરી પત્રક

આથી હું..... જાહેર કરું છું કે, અરજીપત્રકમાં ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે, જો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો આયોગનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

૪. ઉપરોક્ત સંપૂર્ણ વિગતો સાથે Ax4 સાઈઝના કાગળમાં આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં સચિવશ્રી, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ટાઉનહોલની બાજુમાં, સેક્ટર-૧૭, ગાંધીનગરને રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. રૂબરૂ કે સાદી પોસ્ટથી મોકલવામાં આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

માહિતી/૨૦૫૩/૨૦૧૪-૧૫ **સચિવ**

ટૂંકી મુદતની જાહેર નિવિદા

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગરના કોમ્પ્યુટરના એચ.પી. /સેમસંગ તેમજ અન્ય પ્રિન્ટર્સમાં વાપરવામાં આવતી કાર્ટીઝ રીફીલીંગ તેમજ તેના સ્પેરપાર્ટસ રીપેરીંગની કામગીરીના ભાવો રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓ પાસેથી એખ વર્ષ માટે મંજુર રાખવાની શરત મંગાવવામાં આવે છે. સદર કામગીરીની માહિતી કચેરી સમય દરમિયાન મળી શકશે. આ કામગીરીના ભાવ બંધ કવરમાં નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર નં. ૧૮, ગાંધીનગરના નામ જોગ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭માં મોકલી આપવા વિનંતી છે. બંધ કવર ઉપર 'કાર્ટીઝ રીફીલીંગ તેમજ સ્પેરપાર્ટસ રીપેરીંગના કામગીરીના ભાવો' એમ દર્શાવવાનું રહેશે.

ક્રમ	વિગત	ક્રમ	વિગત
૧.	કાર્ટીઝ રીફીલીંગ	૫.	ડોક્ટર બ્લેડ રીપેરીંગ
૨.	પી.સી.આર. રીપેરીંગ	૬.	ટેફલોન રીપેરીંગ
૩.	ડ્રમ રીપેરીંગ	૭.	મેગ્નેટ રોલર રીપેરીંગ
૪.	પ્રેસર રોલર રીપેરીંગ	૮.	ચીપ્સ રીપેરીંગ

તારીખ : ૨૪ ડિસે. ૨૦૧૪ સહી/-
સ્થળ : ગાંધીનગર સંયુક્ત નિયામક (PLM-5)
માહિતી/૨૦૫૫/૨૦૧૪-૧૫ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

અમેરીકા વીઝા
શું આપને અમેરીકા જવું છે ?
બિઝનેસ, વીઝીટ, ફરવી, ભણતર માટેનાં વીઝા માટે
સત્યમ
લીઝર ટ્રાવેલ પ્રા. લી.
88662 73000 | 94299 33472

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગા